ઈશ્વરસ્તુતિનાં ગીત.

૧૯૦૯.

કિંમત ૩ પઈ.

પરમેશ્વરની દસ આજ્ઞા.

---

1. જે એકલો ખરો દેવ છે તેનેજ માનવો.
2. મૂર્ત્તિને પગે લાગવું નહિ.
3. દેવનું નામ અમથું ન લેવું.
4. પ્રભુનો દહાડો (આદિતવાર) પવિત્ર પાળવો.
5. માબાપનું સન્માન કરવુ.
6. ખૂન કરવું નહિ.
7. જારકર્મ કરવું નહિ.
8. ચોરી કરવી નહિ.
9. ખોટી સાક્ષી પૂરવી નહિ.
10. લોભ રાખવો નહિ.

"જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે તે તમે તેઓને કરો." માત્થી ૭; ૧૨.

ઇશ્વરસ્તુતિનાં
ગીતો.

HYMNS FOR USE IN DIVINE WORSHIP.

2nd Edition 10,000 Copies. Total Copies 20,000.

GUJARAT TRACT AND BOOK SOCIETY.

SURAT:

IRISH PRESBYTERIAN MISSION PRESS.

1909.

અનુક્રમણિકા.

PART I.—Hymns for Public Worship:

ભાગ ૧ લો. ઈશ્વરભક્તિનાં ગીત.

૧. PSALM XXIII.

મારો પાળક દેવ છે, અછત કદી નહિ થાય;
લીલે ચારે તે મને સૂવાને લૈ જાય. ૧

શાંત નદીના તીર પર દોરે, ઝાલી હાથ;
મારો જીવ દિને દિને, બળ પકડે સાક્ષાત. ૨

સાચતણો જ્યાં પંથ છે, ત્યાંજ ચલાવે પાય;
એવું દેવ કરે સદા, નામતણે મહિમાય. ૩

મોતતણી છાંયે થઇ મારે ફરવું હોય,
તેવા ભયના ખાડમાં, બીક ન જાણું કોય. ૪

કાંકે તું મજ પાસ છે, દૂર નથી કોવાર,
તુજ સોટી ને લાકડી શાંત કરી દેનાર; ૫

મારૂં ભોજન સિદ્ધ પણ વૈરી સમ્મુખ થાય,
માથે ચોળે તેલ તું, મજ પ્યાલું ઉભરાય. ૬

જીવનના દિન સર્વેમાં પ્રેમ, દયા મજ પાસ;
ઇશ્વર મંદિરમાં સદા હું રાખું મજ વાસ. ૭

૨.

પ્રભુ, તારો પ્રેમ અપાર, તેને લીધે અમને તાર;
નહિ તો આશા ડુબી જાય, પરપોટાના જેવી થાય. ૧

બધા ખોટા ગુણ મટાડ, નવા જન્મને જીવાડ;
તારી ગમ અમારો ભાવ સંસાર ઉપરથી ઉઠાવ. ૨

આ વિતનારી ઉમર ભર, અમોને સજીવન કર:
તો તજીને એશ આરામ કર્યા કરિયે તારાં કામ. ૩

બાંધી આત્મિક હથિયાર, જીતિયે શેતાન, દેહ, સંસાર;
મૂકીને કુમાર્ગના શ્રમ સફર કરિયે તારી ગમ. ૪

એમજ અમને મળશે જય, કદી પણ ન લાગે ભય:
અને મૂકી પાપનો હાલ હર્ષ પામિયે સદાકાળ. ૫

તારી ખબર ફેલી જાય, બધા દેશમાં વ્યાપક થાય;
એવી કે વિદેશીઓ વહેલા થાય વિશ્વાસીઓ. ૬

---

૩. ખ્રીસ્ત રાજ્ય રાય છે,
રાજ, કાજ, તાજ આજ ખ્રીસ્તનાં મનાય છે:
સર્વ જે કરાય છે
તે થકીજ થાય છે,
તેતણાજ હાથમાંય નીતિ નેમ ન્યાય છે. ૧

પૂર્ણ ખ્રીસ્ત કામ છે,
દેવ રાજ્યમાં, મનુષ્ય કાજમાં, સુનામ છે:
ખ્રીસ્ત શાંતિ ઠામ છે,
તે સદા વિશ્રામ છે,
ભક્તની સભા વિખે સુધારનું સુધામ છે. ૨

ખ્રીસ્તનેજ માનજે,
ખ્રીસ્ત કામ, ખ્રીસ્ત નામ પૂર્ણ શુદ્ધ જાણજે;
યોગ્ય ગાન આણજે,
ખ્રીસ્તને વખાણજે,
સૌ કરે સદાય સેવ, વૃદ્ધ ને જુવાન જે. ૩

માન ખ્રીસ્તનું કરો,
પાપ ભ્રાંતને તજી પવિત્ર પંથમાં ફરો;
દંડથી તમો ડરો,
કાં તમો વૃથા મરો?
જીવદાન ખ્રીસ્ત દે, લઇ સુધામને ધરો. ૪

૪. આજ તારનારનો દહાડો આવ્યો,
તેણે આપણો બોજ ઉઠાવ્યો;
માથું નમી મરી ગયો,
પછી પાછો જીવતો થયો. ૧

આજ તારનારનું છે સંભારણ,
તેણે કીધું પાપ નિવારણ;
તેને નામે ભેળા થઇયે,
અને તેનાં ગીતો ગાઇયે. ૨

આજ તારનારનો છે વિસામો,
આવો, ભાઇઓ, છુટકો પામો;
શેતાન, દુનિયા, દેહનો બોજો
ઉતારીને મોકળા હોજો. ૩

આજ પ્રભુનું પર્વ પવિત્ર,
આવો, સહુ વિશ્વાસી મિત્ર;
પાપ સંબંધી મરી જઇયે,
પુણ્ય સંબંધી જીવતા થઇયે. ૪

૫. હું તો પાપી દીન બિચારો,
તું તો મારો તારણહારો:
આપ કૃપા બહુ કીજે, જી.
હે પ્રભુ, દર્શણ દેજે, જી; તુજ શરણે મને લેજે, જી. ટેક. ૧

તું તો સૈ સહુ જગનો રાજા,
દેહ ધરી તેં પાપી કાજા;
દાસ કરી મને લેજે, જી. હે પ્રભુ૦ ૨

હું તો વિધવિધમાં બહુ ભૂલ્યો,
વાત વૃથામાં બહુ બહુ ફૂલ્યો;
શુદ્ધ વિવેકજ દેજે, જી. હે પ્રભુ૦ ૩

મારા મનમાં જ્ઞાન અધૂરૂં,
વાસ કરે તાં નિષ્ઠુર પૂરૂં;
નિત નિત ચઢશે સેહેજે, જી. હે પ્રભુ૦ ૪

પૂર્ણ પરાક્રમ તારો જાણું,
પ્રેમ દયા પણ અનહદ માનું;
શુદ્ધ બુદ્ધ વાર્તા દેજે, જી. હે પ્રભુ૦ ૫

૬. Guide me, O Thou great Jehovah.

ઓ યહોવા, સર્વ ત્રાણી, તારે પ્રેમે મને પાળ;
હું છું નિર્બળ દુર્બળ પ્રાણી, તારે હાથે મને ઝાલ;
ત્રાતા બળવંત, તું થા મારૂં બળ અનંત. ૧

આશ્રા વગર હું મરૂં છું, લોકમાં નથી ઠામ કે ઘર;
હું નિરાશામાં રોજ ફરૂં છું, જાણે લાચાર મુસાફર;
સ્વર્ગી આહાર, તું થા મારો અન્નદાતાર. ૨

જીવતા જળનું ઝરણ ખોલજે, સ્વર્ગી જીવનના આપનાર:
દિલમાં તું દિલાસો બોલજે, ખરા સુખમાં તું સ્થાપનાર:
આકાશી બાપ, નામ દિકરાનું મને આપ. ૩

જીવ જાં સુધી મને રેશે, તારા પ્રેમથી મને ઘર;
જ્યારે મરણ જીવને લેશે, સ્વર્ગે આપજે મને ઘર;
સુખી થાઉં, કીર્ત્તન હું સદા ગાઉં. ૪

૭. "Jesus, I my Cross have taken."

ઇસુ, તારી પાસે આવું, બધું મૂકી તારે કાજ:
નિર્ધન, દુ:ખી, નિંદિત થાઉં, મારૂં સંધું તું થા આજ.
મેં જે જાણ્યું, ચાહ્યું, શોધ્યું, તે બધાનો નાશ થાએ;
તો પણ હાલત ભાગ્યશાળી, સ્વર્ગ ને ઇશ્વર મારાં છે. ૧

જગત મારો ધિક્કાર કરે, ત્રાતાને પણ એમ થયું:
માનવી હૈયડાં જેવું તારૂં હૈયું નથી ઠગારૂં.

ને જ્યાં સુધી મજપર રાજી તું થાએ છે, સર્વાધાર;
દુશ્મન નિંદે, દોસ્ત ધિક્કારે, તુજ પ્રકાશમાં હર્ખ અપાર. ૨

જાઓ માન ને દ્રવ્ય સંસારી, આવો નિંદા, આફત, દુ:ખ;
ખ્રીસ્તસેવામાં લાભ છે ખરો, તેનામાંજ હું પામું સુખ.
"આબા, બાપ," મેં તને કહ્યું, તુજ પર જીવની આશા છે;
તોફાન છુટે, વાદળાં ગાજે, સહુથી મારૂં હિત થાશે. ૩

માણુસ મને પીડીત કરે, લાગલો તારે શરણે જાઉં;
આ લોકે મજ દુ:ખો વધે, સ્વર્ગે ખૂબ વિશામો લઉં.
લે, મજ આત્મા, તારણ પૂરણ, ચિંતા, ભય ને પાપ નિકાલ;
દુ:ખ ખમીને ધીરજ રાખવે, તારો ધર્મ આગ્રહથી પાળ. ૪

કેવો આત્મા તુમાં વસે, કેવા બાપની પ્રીતિ છે;
કેવો ત્રાતા તને મળ્યો, રાખી યાદ તું કેમ રડે?
સ્વર્ગે જવા સજ્જ થઇને વિશ્વાસ ધરી પ્રાર્થના કર;
તે સનાતન સુખ પામવાને કૃપા આપશે તુજ ઇશ્વર. ૫

---

૮. "HOLY, HOLY, HOLY."

અતિશય પવિત્ર! સર્વશક્ય સ્વામી!
મળસકું થતાંજમાં તારી છે સલામી.
નિર્મળ નાથ ન્યાયી—દયાવંત ને ભૂપી,
ધન્ય ત્રયી તું—દેવ ત્રિએકરૂપી. ૧

અતિશય પવિત્ર! સંતો સેવા તારી
કરે કાચ સમુદ્રે, મુગટો પણ ઉતારી;
"કરૂબીમ ને સરારીમ" નમી ગાય ગાનો—
તુંજ હતો, છે, સદા પણ થવાનો! ૨

અતિશય પવિત્ર! વાદળ વસ્તી તારી,
પાપી આંખ ન દેખે જ્યાં તુજ શોભા છે સારી;
માત્ર તુંજ સુપાત્ર—બીજા હોય હરામી,
તારીજ છે શક્તિ, પ્રેમ ને સતનામી! ૩

અતિશય પવિત્ર ! ધૈર્ય સુધીર ધણી
સૃષ્ટીને તેં રચી, લે નામ તારૂં વખાણી.
નિષ્કલંક નિરાળુ ! દયા છે તુજ ભણી,
ધન્ય ત્રયી તું દેવ ત્રિએકરૂપી ! ૪

---

૯. "THE CHURCH'S ONE FOUNDATION."

મંડળીનો પાયો એકજ તે પ્રભુ ઇસૂ ધાર,
ઉપજાવી નવી છેકજ વચન ને પાણી દ્વાર.
સ્વરેથી કન્યા લેવા તે આવ્યો નીચે જાણ;
ને તેને જીવન દેવા પોતાનો આપ્યો પ્રાણ. ૧

સહુ દેશોથી તે લીધી, તો પણ તે એકજ ખાસ,
એકજ ઇશ્વરનો વિધી પાળી રાખે વિશ્વાસ;
એક દેવનાં ગીતો ગાઇ એક કરે શુદ્ધાહાર,
ને કૃપાથી છવાઇ હિંડે એક આશા દ્વાર. ૨

માટે લડાઇ કરે, ને વેઠે દુઃખી હાલ,
શાંતિની આશા ધરે, કે મળે તે સહુ કાળ;
ગૌરવને દેખી ત્યારે તૃપ્ત થઇ જશે,
ને જયવંત મંડળી ભારે શાંતિવાળી થશે. ૩

ભૂએ તે સંબંધ રાખે ત્રીએક પ્રભુ સંઘાત,
ને ગુહ્ય સંગત દાખે વિશ્રામ પામેલા સાથ;
હા, શુદ્ધ ને સુખી કેવા ! હે પ્રભુ, દે તે વાસ,
તે નમ્ર જનો જેવા થૈ રહિયે તારી પાસ. ૪

---

૧૦. "ONWARD, CHRISTIAN SOLDIERS."

યુદ્ધ ખ્રીસ્તી યોદ્ધા, ચાલી અગ્રે થાઓ;
સ્તંભ જે આગળ ચાલે, તેની પૂઠે જાઓ.
ઇસૂ નૃપ થઇ દોરે, શત્રુની સામે;
જુઓ, ધ્વજ એની ચાલે સંગ્રામે. ૧
યુદ્ધ ખ્રીસ્તી યોદ્ધા, ચાલી અગ્રે થાઓ;
સ્તંભ જે આગળ ચાલે, તેની પૂઠે જાઓ. ટેક.

જય ચિન્હ જોતાં નાસે શૈતાની સમાજ;
માટે યોદ્ધા આગળ ચાલો જયને કાજ.
સ્તોત્રોના અવાજે ડોલે નર્કાસન;
ભ્રાત્, ગર્જી ગાઓ જુસ્સાથી કીર્ત્તન. ટેક. ૨

દેવની મંડળી ચાલે, બળવાન ફોજની જેમ;
ભ્રાત્, સંતો ચાલ્યા, જઇએ છીએ તેમ.
જૂદા નથી એકજ, છીએ એકજ અંગ;
આશા, પ્રીતિ, મતમાં, છીએ સહુ સંગ. ટેક. ૩

મુગટ, ગાદી, નાશ થાય, રાજનો અસ્તોદય,
પણ જે ખ્રીસ્તનું મંડળ, પામે નહીં ક્ષય.
તે પર નર્કનું રાજ્ય બળ ફાવી ન જનાર;
ખ્રીસ્તનું વચન કો દિન, વ્યર્થ ન થનાર. ટેક. ૪

આનંદી ટોળીમાં આવી આગળ થાઓ;
જય સ્તોત્રોનાં ગીતો સંયુક્ત થઇ ગાઓ.
"રાજા ખ્રીસ્તને થાઓ, ગૌરવ, સ્તુતિ, માન;"
સદા માનવ દૂતો ગાય છે એ ગાન. ટેક. ૫

૧૧.

આવો, ઇસુ, જગના રાજા, ભાવ કરીને મન આણું;
સતપંથની જે રૂડી રીતો, અંતર લૈ તે સહુ પાળું. ૧

સેવા કરતાં સંધુ ત્યાગું, કશું ન રાખું મજ કાજે;
સતપંથ જીવન તુંમાં જાણી, સેવ કરૂં હું મન સાજે. ૨

ઘટ ભીતરથી ખટપટ ટાળું, સેવા સાચી મન ધારૂં;
ઇસૂ દેખી શીશ નમાવું, હર્ખે અર્પું તન મારૂં. ૩

શુદ્ધ ભક્તિ આભુષણ જાણી, શાંતિ ધરૂં બહુ મન મારે;
સહન કરીને સહુનું સાંખું, પ્રભુ બાળક છું જગ ધારે. ૪

સહુ સંગે સત પ્રેમે ચાલું, પિતાતણું હું મન રાખું;
કે તે સાચો પૂર્ણ દયાળુ, હું પણ તેના ગુણ ભાખું. ૫

દાસો આવી ઇસૂ પાસે, લેજો રૂડું મન માગી;
જગમાં તેનું માન કરાવો. તે તમને દે નહિ ત્યાગી. ૬

---

૧૨. આવ, આવો બધા, ખ્રીસ્તના સંત,
હર્ખથી કાપિયે સ્વર્ગનો પંથ;
ખ્રીસ્ત ઇસૂતણો સુણિયે સાદ,
પૂર્ણ ઉદ્ધારની રાખિયે યાદ. ૧

રોજ ઓછી થતી જાય છે વાર,
કાળ થોડો રહ્યો લોક મોઝાર;
હાં બધી વસ્તુનો થાય છે નાશ,
ભાવથી રાખિયે સ્વર્ગની આશ. ૨

બોધકો, શિક્ષકો, જ્ઞાન દેનાર,
આગળે તો જઇ પોંચિયા પાર;
ત્યાં બધા આપણી જુએ છે વાટ;
ક્યારે ઓળંગિયે મોતનો ઘાટ? ૩

સર્વેને જોઇશું હર્ખમાં ત્યાંય,
પાપ સંદેહ પીડા નથી જ્યાંય;
ત્યાં જઇ પોંચતાં સ્વર્ગમોઝાર,
તેજ આભાસમાં સર્વ જોનાર. ૪

૧૩.

હે મારા તારનાર, તારો પ્રેમ છે પૂરો, છે અમર;
તેં પ્રેમ અપાર, અનંત, અવશ્ય, દેખાડ્યો મારા પર.
હું મારૂં મન, ને મારૂં ધન, જે હોય મારી કને,
ને મારો જીવ, ને મનનો ભાવ, સહુ સોંપુંછું તને. ૧

પરાત્પરની જે યોગ્યતા હું તારામાં દેખું,
હું તેના ઉપર ધ્યાન ધરી સહુ ભરોસો ટેકું.
શરમનો પણ જે મર્ણસ્તંભ તેં રાજીથી સહ્યો,
તે સંભારી મારો આત્મા પ્રેમે ભરપૂર થયો. ૨

પરાત્પર દેવના રૂપમાં તું આકાશમાં પેરતો તાજ,
ને તારા બળથી સૃષ્ટિનું તું સહુ ચલાવતો કાજ.
પણ આકાશ મૂકી, પૃથ્વી પર તેં માણસરૂપ ધર્યું,
ને માણસ જાતનાં દુઃખ સહી મોટું રક્ષણ કર્યું. ૩

બધી વાતોમાં માણસ થઇ તેં લીધો પાપનો શ્રાપ,
પણ એકજ વાતમાં ફેર હતો, કે ન'તું તુંમાં પાપ.
તેં તાજ મૂકીને શ્રાપ લીધો, કે માણસ પામે ગુણ,
જેમ હતો દૂર, તેમ પાસે થાય, ને પાપને કાઢે પુણ; ૪

કે પ્રેમ, વિશ્વાસ, ને નમ્રતા, સર્વે આત્મિક શૃંગાર,
અમે તારાથી પામીને લઇયે તારો ઉદ્ધાર.
કે તેજથી પામતા વસ્તુ તેજ, જેમ તારૂં રાખિયે ધ્યાન,
અમારા આત્મિક ગુણ વધે, વધે આકાશનું જ્ઞાન. ૫

૧૪.

ઋતુઓ આકાશમાં વાણી થાયછે, ખબર કરનારા દૂતો ગાય છે;
સૃષ્ટિમાં સ્તવન ત્રાતા રાજાને, પૃથ્વીમાં આનંદ માણસ પ્રજાને. ૧

પૃથ્વીમાં સલાહ, દીનોને દયા, દુષ્ટો કરૂણા પામનારા થયા.
માનવાતો માંડો, સહુ લોકો તમો, માણસ બધાંએ, અંતરમાં નમો. ૨

જયનાદી ગીતો આનંદે ગાઓ, જયકાર કરીને સહુ ગાતાં આવો;
સૃષ્ટિનો રાજા રાજ મૂકી દે છે, જીવનનો દાતા મૃતાંગ લે છે. ૩

પાપીનો તારનાર પોતે મરે છે, પાપોનો હરનાર પોતે હારે છે;
પોત હારી ગયો પાપને હરાવવા, પોત મરી ગયો લોકને તરાવવા. ૪

મરીને ઉઠયો મોતને દબાવી, બંધનથી છુટયો લોકને છોડાવી;
દીન થઇને યુદ્ધે તે લડયો, દુઃખો સહીને આસને ચઢયો. ૫

મોતને જે નમ્યો ઉચો થયો છે, માર જેણે સહ્યા મોતને દમ્યો છે;
એવો તે આપે માણસને તારણ, એવું તે સ્થાપે પાપનું નિવારણ. ૬

૧૫. ઇસૂ ત્રાતા, તારક મોટા, ઇશ્વરના અવતાર,
તારે રકતે તેં કીધો છે માનવનો ઉદ્ધાર
તેં જીવાર્પણ કરતાં કીધો પાપતણો પરિહાર;
અમૂલ્ય દાન કરી તું ઠર્યો ખંડણનો કરનાર,
કે અમ ચોખે ચાલે જઇયે જાણીને ઉપકાર,
ને દિન સંધા સીધા રહિયે પામીને આધાર. ૧

એવા તારકને મહિમાએ કરિયે સર્વ કામ,
સંધા તારેલાને સંગે સ્તવિએ તેનું નામ.
અમ કાજે તો તેણે દીધો કેવો મોટો દામ,
એ સંભારી સેવા કરિયે કીર્તનથી સહુ ઠામ.
જાં લગ રહિયે ભૂતળ વાસે નહિ તજિયે મન હામ,
ઇસૂ ત્રાતાના કર્યોથી ચઢિયે સ્વરને ધામ. ૨

નર લોકોનો નારક વૈરી ઇચ્છે માનવ ઘાત,
પણ તેના તો ક્રૂરપણાથી તારે ઇસુ નાથ.
ખ્રીસ્ત કદી તો દૂર કરે નહિ તારકનો શુભ હાથ,
પાસે રૈતાં પોતે પાળે સેવકને દિન રાત.
વનરૂપી જગ થૈને જાતાં તે રૈશે અમ સાથ,
પાર થતાં લગ પોષણ કરતાં સર્વ સધાવે વાત. ૩

હે ઇસૂ, તુજ પાસે રૈછે બેધારી તરવાર,
તેનાથી તો તું કરવાનો દ્વેષકનો સંહાર;
માટે તારા સંત ન બીશે કોઇ પ્રકારે માર,
તેઓ તારી સોડે રૈતાં નહિ ખસશે કોવાર.
ઇસૂ, હવડાં જોર જણાવી આજ અમોને તાર,
બેડી તોડી ઉર હર્ખાવી, ધન્ન ધરો સહુ ઠાર. ૪

---

૧૬. જો પણ ફૂલતણી શોભા બહુ આજ જણાશે,
તો પણ જોતાંમાં, કાલે કરમી સહુ જાશે,
થોડી વાર પછી, જુઓ, તેનો ક્ષય થાશે.
પણ પ્રેમ ફરે નહિ ઇસૂનો, નહિ તે કરમાશે. ટેક. ૧

જોબન કાળ ઘણો દીપે, તાજા બળ સાથે,
સર્વ પ્રસંગે હુંખે કરે, નહિ લૈ દુઃખ માથે;
થોડા વર્ષ પછી બદલે, ગોથાં બહુ ખાતે.
પણ પ્રેમ૦ ૨

રાત્રિ વિષે તો ચંદ્રતણી શોભા બહુ ભાસે,
પુનેમ સુધી તો વધતાં, શુભ જ્યોતિ પ્રકાશે;
તો પણ ત્યાંથી નિત્ય ઘટી તેનો ક્ષય થાશે.
પણ પ્રેમ૦ ૩

દીપે સૂર્ય ઘણો ઉગતાં, ચળકે શુભ કાંતિ;
મધ્ય લગી જાશે ચઢતો, નમશે ગતિ ત્યાંથી;
તેનો વૈભવ લોપ થશે, તો અસ્ત થતાંથી.
પણ પ્રેમ૦ ૪

મોટા સિંધુતણી ભરતી, તે કેમ ભરે છે!
ચાલી તે ધમકાર થકી, બહુ જોર કરે છે;
તોય પછી, તાં ઓટ થતે, જળ પાછુ ફરે છે.
પણ પ્રેમ૦ ૫

સાંજે તો અતિ નમ્ર હવા મીઠી બહુ વાએ,
જીવ, જનાવર, માનવને તેથી સુખ થાએ;
તોય વિકાર થયે તેમાં તોફાન જણાએ.
પણ પ્રેમ૦ ૬

મિત્રોની અતિ પ્રીતિ ખરી, હોશે બહુ વાલા;
તોય કદાચ અદૃષ્ટ થશે, દીસે મન ઠાલાં;
સ્નેહ તજી, રાખી શીએ મોડાં વિકરાળાં.
પણ પ્રેમ૦ ૭

સૃષ્ટિ વિકારે, ફૂલ ખરે, ને જોબન જાશે;
ચંદ્ર ઘટે, શુભ સૂર્ય નમે, ને સિંધુ ફરાશે;
મીઠા વાની આંધી થશે, મિત્રો બદલાશે.
પણ પ્રેમ૦ ૮

૧૭.

ક્ષણિક તજીને અક્ષય ઝાલું, અવિનાશીની આશા પાળું,
પાર જવાને માર્ગે ચાલું;
મજ વિશ્વાસ વધાર, પિતાજી. ટેક. ૧

તુજ પંથે હું ચાલી જાઉં, તુજ પાસે હું રૈવા આવું,
ઉપર જઇ વસવાનું ચાહું: મજ૦ ૨

જ્યારે સહુ અંધારૂં ભાસે, ક્લેશ વિપત્તિ બધે થાશે,
ઓથ કશી ન દેખું પાસે; મજ૦ ૩

આકાશી અજવાળું માગું, લૌકિક અંધારૂં હું ત્યાગું,
દિનપર ચેત થઇને જાગું; મજ૦ ૪

સંધું અવળું ફરશે જ્યારે, બોજો માથે પડશે ભારે,
તારો પ્રેમ ન ભૂલું ત્યારે; મજ૦ ૫

જ્યારે વૈરી સર્વે લડે છે, ચોગમથી વિકરાળ ચઢે છે,
જોદ્ધાનું બહુ રક્ત પડે છે; મજ૦ ૬

ઘોર ભયાનક આંધી ઊઠે, જળથળનાં શુભ બંધન છૂટે,
બચવાની સહુ આશા ખૂટે; મજ૦ ૭

જો પરલોકે મિત્રો જાશે, વ્હાલા સર્વે વિજોગા થાશે,
મારે વસવું એકલવાસે; મજ૦ ૮

સંગ વિના હું એમ ફરૂં જો, જોઇ એકલવાસ ડરૂં જો,
નિત નિત રીતિ નિરાશ ધરૂં જો; મજ૦ ૯

જગતતણો કંકાસ વધે જો, બહુ અકળામણ થાય હદે જો,
કોઇ ન દે કૈં સૌખ્ય મને જો; મજ૦ ૧૦

જાં લગ શરત બધી થઇ રૈશે, આકાશે મજ આત્મા પેસે,
તાજ અચળ તાં શિરપર બેસે; મજ૦ ૧૧

મજમાં નિત આનંદ કરાવો, ઉર વિષે તુજ શાંતિ ભરાવો,
દૃઢ મન આપી ધીર ધરાવો; મજ૦ ૧૨

૧૮. ન પાડે કદી સૂર્ય જો તાપ ભારે,
ન થાશે સુછાયો કદી વૃક્ષ સારે;
તજો શોક જો તો તજો સૌખ્ય ઠાણો.
નથી થંભ તો, રે, નથી તાજ જાણો. ટેક. ૧

સજી શસ્ત્ર જો ના લડો વીર જેવા,
પછી ના મળે જુદ્ધનું માન લેવા;
નથી કષ્ટ ઐં, તો નથી તૈં સુગાનો. નથી૦ ૨

થશે દુ:ખ ઐં તો મળે તૈં દિલાસો;
વિદેશી થશો તો મળે તૈં સુવાસો;
શિરે ભાર લ્યો ઐં, વિસામો થવાનો. નથી૦ ૩

ઘણા બોજથી જો તપે અંગ ભારે,
ઘણું સૌખ્ય પામો ચઢો સ્વર્ગ જ્યારે;
ઘણો ખ્રીસ્તથી તો વિસામો થવાનો. નથી૦ ૪

હશે માર્ગ લાંબો, નથી એકલા તો;
રહી પાસ, ઇસૂ વદે શુદ્ધ વાતો;
દિલાસો ધરીને, દયા તે વખાણો. નથી૦ ૫

ગયો ખ્રીસ્ત જ્યારે ધરી માર્ગ પોતે,
વિના કોઇ સાથે ગયો એકલો તે;
સ્મરે દીનને તે,—નથી ભૂલવાનો. નથી૦ ૬

૧૯. PSALM XLVI.

યહોવા રખેવાળ, ને મારો મદદગાર,
આવે દુકાળ કે ખોટો હાલ, તો મારો તે આધાર. ૧

જો ધરતી કાંપી જાય, ને પહાડો બહુ ધ્રુજે,
ને પડી જાય સમુદ્રમાંય, તો કુશળતા સૂઝે. ૨

હા, તેના મોજાથી જો મોટો ઘાંટો થાય;
ને ધ્રુજ્યાથી, ને સૂઝયાથી પર્વતો હાલી જાય. ૩

પણ જીવતી નદીમાંય નાહે છે તેના ભક્ત,
ને સમુદાય બહુ તાજો થાય, અને હર્ખાય હરવખ્ત. ૪

ને નદને કાંઠે શહેર, ને ખરૂં શુદ્ધ સ્થાન;
ન લાગે વેર, પ્રભુની મહેર પમાડે કૃપાદાન. ૫

૨૦. PSALM CIII.

મારા આત્મા, પ્રભુને માન; ને મારા સહુ વિચાર
પ્રભુને માનો; મારા જાન, ન ભૂલતા પરોપકાર. ૧

તે પાપની મારી લાવે છે, તાજાું કરે છે તન;
વિનાશથી જીવ બચાવે છે, બક્ષે છે પુષ્કળ ધન. ૨

તે મારૂં મુખ રૂચાવીને બહુ તૃપ્તિ આપે છે;
જુવાની પાછી લાવીને સમારી સ્થાપે છે. ૩

જે લોકો લીન તથા લાચાર, તેઓને કરે સત્ય;
સમજાવ્યો મુસાને કરાર, ને ઇસ્રાયલને કૃત્ય. ૪

ઇશ્વર કરૂણારૂપ સદા, ને કોપે ઘણો ધીર;
ધમકી નહિ કરશે સર્વદા, ને ક્રોધ ન કરે સ્થીર. ૫

તેણે હુમારાં પાપો ભર નહિ કર્યો પ્રતિકાર,
જેમ આકાશ ઉંચું જગત પર, તેમ પ્રીતિ છે અપાર. ૬

ઉગમ અસ્તથી દૂર ઠરે છે, તેમ તે નિવારે પાપ;
ને ઇશ્વર રહેમ કરે છે, જેવો દયાળુ બાપ. ૭

---

૨૧. PSALM CXVI.

મેં પ્રભુ પાસે કર્યો સાદ, ને તેણે દીધો આશીર્વાદ,
હું કરીશ તેની પ્રીત;
હા, તેણે મને ધર્યો કાન, એ માટે તેનું કરી માન
હું ભજન કરીશ નિત. 1

હું મોતનો થયો બહુ ભયભીત, પરલોકના ડરથી બહુ પીડિત,
ને થયો દુ:ખનો ભાર;
મેં કરી બહુજ આરાધના, ને ઇશ્વરની બહુ પ્રાર્થના;
ઓ ઇશ્વર, મને તાર. ૨

ઇશ્વરને જાણો પ્રીતિમાન, ઇશ્વરને માનો સદ્‌ગુણવાન,
ને દયાવાન અપાર;
દીનોને દેવ સંભાળે છે, ને મને ઉદ્ધાર આલે છે
જે વારે હું લાચાર. ૩

ઓ મારા આત્મા, જે આરામ ઇશ્વર પમાડે છે, તે પામ,
તે તો અપાર ઉદાર;
મરણથીજ મને તાર્યો છે, ને મારો શોક ઉતાર્યો છે,
ને સાધ્યો છે સુધાર. ૪

હે ઇશ્વર, તારો સેવક છું, ને તારો નમ્રભાવક છું,
ને સેવકણીનો પુત;
અને તેં છોડયા મારા બંદ, હું માનીશ તારૂં નામ બુલંદ,
ને કરીશ તારૂં સ્મૃત. ૫

૨૨.

જીવનનો જે માર્ગ ભયંકર, તે પર છે મજ પાય;
ચોગરદા છે વિધ વિધ ફાંદા, વસમો પંથ જણાય. ૧

હે ત્રાતા, બળવાન નિયંતા, પંથ દેખાડો શુદ્ધ,
અંધારામાં જ્યોતિ કરાવી, આપો આત્મિક બુદ્ધ. ૨

માનવનું મન તું પરખે છે, ભટકેલાને વાર;
ઘાત કરે વિશ્વાસતણો જે તેને શોધી માર. ૩

પળભરના જે અલ્પ વિચારો તેને તુચ્છ કરાવ;
કાળ અનંત વિષેનાં વાનાં તે પર ચિત ધરાવ. ૪

થાય પછી જો અંધી આંધી જળ થળના ધમકાર,
ભંગ થયાની બીક ન માનું, ધીર ધરી રેનાર. ૫

જો મજ પાસે હોશે ઇસૂ, તો સહુમાં સુખ તાસ;
જીવ રહે આનંદ કરૂં હું, મરણ થયે ઉલ્લાસ. ૬

ઇસૂ પર વિશ્વાસ ટકયેથી, નિત્ય અચળ છે આશ;
ભૂતળ પરનું બંધ થતાંમાં સુખપદ છે આકાશ. ૭

---

૨૩. અમો જે હતા નાશમાં તો જવાના,
અને દુષ્ટ શેતાન સાથે થવાના,
ઇસૂ ખ્રીસ્ત, પાપીતણો તારનારો,
અમારો થયો તો ખરો પાળનારો. ૧

અમારે લીધે તે આ ભૂલોક આવ્યો,
અને તારવાની ખરી રીત લાવ્યો.
અમારો થયો દોષ સૌ દૂર એથી,
ખરાથી થયો જીવ, જો, શાંત તેથી. ૨

અમો કાજ દેવે દયા પૂર્ણ કીધી,
અને સ્વર્ગવાસોતણી આશ દીધી;
ખરા પુત્રને મોકલીને બચાવ્યા,
અને શુદ્ધ ઠામો કરીને ઠરાવ્યા. ૩

થયો એજ રીતે ઇસૂ ખ્રીસ્ત ત્રાતા,
થયો માનવીનો મહા હર્ષ દાતા;
અમોને ભરોસો સદા, ખ્રીસ્ત, તારો,
બધા તુંથકી તો પળાશે કરારો. ૪

૨૪.
રે જીવ, તું કેમ થાકેલો, ને કેમ નિરાશ છે આજ?
ચિંતાએ કેમ ભરેલો, શું દુ:ખમાં નથી તાજ? ૧

ઇસૂએ તને શોધ્યો, ને આપ્યું તને સુખ;
તેણે તો નથી છોડયો, તો કેમ થાએ છે દુ:ખ? ૨

જે દેવે તને તાણ્યો, તે પર ભરોસો ઘાલ;
જે પ્રેમે તને આણ્યો, સ્થિર રાખે સદાકાળ. ૩

આ દુઃખની રાત તો જશે, સવારમાં થાય આનંદ;
આંસુની આંખથી થશે, જે કરે બહુ પસંદ. ૪

૨૫. બિમારી અમારી ગઇ ખ્રીસ્તનાથી;
મળ્યો છૂટકારો મહા તાપમાંથી.
ઝરો ખ્રીસ્ત છે, જીવતું નીર વહે છે,
પિધાથી બિમારી સદા દૂર રે છે. ૧

નથી આવતું દામ તેનું લીધામાં,
દયાથી મળે, પાપીયો લ્યો પિવામાં.
બિમારી અમારી ગઇ તે પિધાથી,
નિરોગી અમે સૌ થયાં એ કિધાથી. ૨

વૃથા જે ઉપાયો બધા દૂર નાંખો;
નિરોગી થવા જીવતું નીર ચાખો.
મટે તૃષણા એ પિધાથી તમારી;
વિનંતી તમોને ઘણી છે અમારી. ૩

વિચારો હૃદે કેણ માનો અમારૂં,
ભલું તો થશે ખ્રીસ્તથી સૌ તમારૂં.
તમારા જીવો છે વિના નીર સૂકા,
તમારા જીવો છે વિના ભક્ષ ભૂખા. ૪

ઇસૂ ખ્રીસ્ત છે એકલો તારનારો,
ઇસૂથી મળે પાપિને છૂટકારો.
વસીલો થયો માનવીનો દયાથી;
મળે છૂટકારો સન્નીધે ગયાથી. ૫

૨૬. પ્રેમના નામનું, પ્રેમના કામનું, શી રીતે કરૂં વખાણ?
છે દયાળુ, છે કૃપાળુ, નથી તેમાં ભુંડું, જાણ.
મનમાં દયા સદા પાળે, ઊરમાં કૃપા કરે વાસ;
મિઠા વિચાર સદા ઝાલે, નથી દંડણ તેની પાસ. ૧

દયા રાખે, ભલું તાકે, ભુંડું ખમી રાખે ભાવ;
ધીરે ઘણું, ચાહે ઘણું, વળતી બોલે, "ભાઇ, આવ."
બધા લોકને ભાઇ માની, સદા ઇચ્છે સહુનું સુખ;
સહુને બાપનાં છૈયાં જાણી, કલેશીનાં ટાળે છે દુઃખ. ૨

૨૭.

સંભારક આત્મા, આવું હાથમાં, કર મજ હૈડે વાસ,
મજ મનની અંદર, કરજે મંદર, તેમાં તુજ પ્રકાશ. ૧

મજ પાપ જણાવી, પ્રેમ કરાવી. ઇસૂ પાસે લાવ;
મજ ભટકયા મનને, ભૂલ્યા જનને, ઇશ્વર જ્ઞાન જણાવ. ૨

સહુ સંદેહ કાઢી, હઠને પાડી, આપ ખરો વિશ્વાસ;
ભય દૂર કરાવો, ગર્વ તજાવો, નમ્ર રહે તુજ દાસ. ૩

પરમેશ્વર પાસે, માનવ વાસે, છે મારા અપરાધ;
બહુ છે મજ મનમાં, ને મજ તનમાં, અગણિત એ વિખવાદ. ૪

રે કોણ ગણે તે, કોણ ભણે તે, મારો મોટો દોષ?
તે કોણ મટાડે, કોણ સંતાડે, કો આપે સંતોષ? ૫

નહિ માનવમાં બળ, દૂતોમાં કળ, કરવાને પરિહાર;
છે એકલ ઇસૂ, તેજ ધરીશું, જેથી છે ઉદ્ધાર. ૬

૨૮.

પ્રભુ સર્વ દાતારને સ્તોત્રથી માનજો, લોક ભૂચક્રના સર્વ વાસી. ટેક.
હેત રાખી ઘણું ચેતજે, જીવ તું, જાગતાં ઊઠજે સૂર્ય સાથે;
કામની શરતમાં દોડવા માંડજે, સુસ્તિને ત્યાગજે સર્વ વાતે.
પ્રભુ૦ ૧

દેવનાં કિર્ત્તનો કાઢજે ભોરમાં, ભક્તિથી જાગજે એજ વેળા;
ધર્મની વાતને ઝાલ મજબૂતથી, દુષ્ટની વાતને માર ઠેલા.
પ્રભુ૦ ૨

ઇશ્વરે રાતમાં પૂર્ણ સંભાળતાં, જીવ કીધો ઘણો આજ તાજો;
એમ તો મોતની ઊંઘથી જાગતાં, અમર ઉઠાડશે જીવ સાજો.
પ્રભુ૦ ૩

જાગતાં પ્રાર્થના, હે યહોવા, કરૂં, ધાંટ સૂણી મને અર્થ આપો:
ઓસ સવારમાં તાપથી તો બળે, તેમ મારાં બળે સર્વ પાપો.
પ્રભુ૦ ૪

ભાવની ધારણા, ચિત્તની ચાહના, મૂળથી ચાલતાં ઝાલ રાખી:
પૂર્ણ તારૂં ખરૂં જ્ઞાન ઉપજાવજે, ભોરથી ભાવનું વાક્ય ભાખી.
પ્રભુ૦ ૫

આજનાં કામ તો, વાત ઇચ્છા વળી. ધોરણે રાખતાં સર્વ લાવો;
કે મળી જીવની શકિતને વૃત્તિ સૌ, પ્રભુતણા નામને અર્થ આવો.
પ્રભુ૦ ૬

---

૨૯. રાત ગઇ, થઇ સવાર, માનું ઇશ્વરનો ઉપકાર:
તેણે રાખ્યો આખી રાત, ને દેખાડ્યો છે પ્રભાત. ૧

નમીને કરૂં સ્તુતિ, માગું દયા પણ તુંથી;
પાસે રેજે, પ્રભુ, આજ, રાત્રુ ના બગાડે કાજ. ૨

કૃપા મારા પર તું કર, તારૂં હેત મારામાં ભર:
પાપથી રાખજે મને દૂર, શુદ્ધ કરીને મારૂં ઉર. ૩

દુષ્ટતાનું બળ દબાવ, સત્યતાનું જોર મનાવ;
પાપી છે આ મારી જાત, પાપ લલચાવે દિન ને રાત. ૪

માટે હુંમાં નથી બળ, યતાં નથી સારાં ફળ;
મારાથી કશું ન થાય, આપજે તું મને સહાય. ૫

તારે છાંયે હું જઇશ, તારી પાસે હું રહીશ;
આજનું સહુ ચલાવો કામ, સાચામાં ઠરાવી હામ. ૬

આજ ન આવે કંઇ સંતાપ, પ્રભુ, તું છે મારો બાપ;
ખ્રીસ્તને નામે માગું છું, તેનું પુણ્યજ માનું છું. ૭

---

૩૦. "ROCK OF AGES, CLEFT FOR ME."

જીવતી ખડક, ખરી આડ, મારા ઉપર છાયા પાડ!
તારી કુખથી વહ્યું જળ, તથા લોહી, તેનું ફળ
થાઓ પાપના બે ઇલાજ, દોષ મટાડો, ટાળો રાજ! ૧

મારા હાથનાં ઘણાં કર્મ, પૂરાં કરતાં નથી ધર્મ;
મારો હોંસ નિરંતર હોત, મારો આત્મા સદા રોત,
તો પણ કેવળ પ્રાયશ્ચિત્ત તારી શકે છે ખચીત. ૨

ખાલી હાથે આવું છું, તારૂં ઇમાન લાવું છું;
નાગો, માગું છું લેબાસ, અબળ, કરૂં છું વિશ્વાસ;
તારે ઝરે મને લાવ, મને ધોઇને બચાવ! ૩

ટકે જીવનનું અજવાળ, અથવા આવે અંતકાળ;
તારી આગળ હોઇને, ને ન્યાયાસન જોઇને,
જીવતી ખડક, ખરી આડ, મારા ઉપર છાયા પાડ! ૪

---

૩૧. CONSECRATION.

પ્રભુ, મારી જીંદગી લે, મારાં તનમન તારાં છે;
તું લે મારા હોઠનું ફળ, દરેક દિવસ, દરેક પળ. ૧

પ્રભુ, મારા હોઠ ઉઘાડ, સ્તુતિ મારાથી ગવાડ;
મારાં હાથકામ તું કરાવ, મારાં પગલાં તું ચલાવ. ૨

પ્રભુ, મારાં નાણાં લે, દરેક અર્ધી તારી છે;
મારૂં જ્ઞાન તું કામમાં લે, સારી બુદ્ધિ મને દે. ૩

તારી મર્જી મારી કર, મારૂં દિલ એ તારૂં ઘર;
ખ્રીસ્ત, હું તું પર હેત કરીશ, તારી આજ્ઞા હું પાળીશ. ૪

પ્રભુ, મારી જીંદગી લે, મારાં તનમન તારાં છે;
તારા સેવકને સંભાળ, તારે કાજે સર્વકાળ. ૫

૩૨.

દહાડો ગયો, થઇ રાત, તને નમું, સર્વે નાથ;
હું સંભારૂં તારો પ્રેમ, તારી ધીરજનો સુનેમ. ૧

પાપ થયું છે વારંવાર, ભૂલો થઇ છે અપાર;
તેમની ગણતી ન થઇ, તેમની સરત ન રહી. ૨

તેમનો શું કહું સુમાર, દેવના જે અપાર ઉપકાર?
માટે ઝુરું છું હજુ, માટે છે કે હું ભજું. ૩

હે દયાળુ પ્રેમી બાપ, તારૂં જ્ઞાન તું મને આપ;
તારૂં ધ્યાન મારામાં થાય, પાપની ભૂલ મારાથી જાય. ૪

જાણી આજનું બધું કામ, ધ્યાનમાં રાખી તારૂં નામ,
દીનતાએ ભજું, નાથ, આશિષ આપો આજની રાત. ૫

પાપને કાઢે જે લોહી, ભાવે તેના પર જોઇ,
મનમાં થાઉં હર્ષાતુર, પાપને ફેંકી દઉં દૂર. ૬

પ્રભુ, રાતમાં દયા કર, તારા વિચાર મનમાં ભર;
બધું ખોટું મનથી કાઢ, ને સંભાળીને જગાડ. ૭

"ABIDE WITH ME."

૩૩. મુજ સાથે રે! કે સાંજ તો પડી છે:
અંધારૂં થાયેછ; પ્રભુ સાથે રે!
અવર નથી સહાય, દિલાસો કો ન દે;
તું અસહાયનો સહાય, મુજ સાથે રે! ૧

ટૂંક છે આયુષ્ય, મર્યાદા આવી પાસ;
દુન્યાઇ મોજથી નથી આજ ઉલ્લાસ;
ચારેગમ સહુમાં વિકાર થાય છે;
હે પ્રભુ નિર્વિકાર, મુજ સાથે રે! ૨

તું આવી જાય તેથી હું ન ધરાઉં;
પણ પ્રેમથી આવી રે તો મગન થાઉં;

વાટસરૂ નૈ, પણ વસનારની પેઠે
સંપૂર્ણ કૃપા કર; મુજ સાથે રે! ૩

હું હતો બાળ, તેં ધર્યો મારો હાથ;
ને જો કે આડોજ ચાલ્યો છું તુજ સાથ,
મૂકયોજ તુજ પંથ, પણ તું ન મૂકી દે;
અંત લગી, હે પ્રભુ, મુજ સાથે રે! ૪

મુજથી એક પળ તુજ વિના ન ટકાય;
ભવસિંધુ પાર, તું સાથ હો, તોજ જવાય;
તુજ વિના કોણ થાય ગુરૂ, આશ્રો દે;
દુઃખ સુખમાં, હે તારનાર, મુજ સાથે રે! ૫

તું આશિષ દે, ન લાગે રિપુત્રાસ;
ન દુઃખમાં ભાર, ન આંસુમાં કડવાસ;
નથી કાળ ડંખમાં ઝેર, કે ઘોરનો જે:
નિત મને જય, જો તું મુજ સાથે રે! ૬

મોત આવ્યું પાસ, તુજ મોતની યાદ કરાવ;
મટાડી ઝાંખ આકાશ માર્ગે ચલાવ;
ફાટ્યો સ્વર્ગે પોહ, જગમાયા નાસે છે;
મુજ જીવતાં, મરતાં, પ્રભુ, સાથે રે! ૭

"LORD, DISMISS US WITH THY BLESSING."

૩૪. ઓ ઇશ્વર, તું વિદાય કરી આત્માઓમાં શાંતિ ભર;
અમે તારાં છોકરાં ડરી ભાવ રાખિયે તારા પર;
જંગલ મધ્યે અમોને તું તાજા કર.

અમે સુવર્તમાન ધરીને તારો માનિયે ઉપકાર;
અને આજ્ઞાકાર કરીને કરિયે નિત્ય શુદ્ધાચાર;
સાહ્ય કરીને, પ્રીય ત્રાતા, અમને તાર.

૩૫. DOXOLOGIES.

પરાત્પર પિતા સદા માન, પરાત્પર પુત્ર સદા જાણુ,
પરાત્પર આત્માને વખાણુ, પરાત્પર ત્રીએક સર્વસ્થાન.

૩૬.
સ્તુતિ, સામર્થ્ય, મહિમા બધા દેજો ઇસૂ ખ્રીસ્તને સદા ;
આપણો એકલો તે તારનારો, હાલેલૂયા, સ્તુતિ કરો.

PART II.—Evangelistic Hymns.

ભાગ ૨ જો. સુવાર્તાનાં ગીત.

૩૭

સહુ કરો તૈયારી, વિનંતી મારી, તારણ શોધવા ;
શું બેઠા વિસારી, વાત એ ભારી, કરો તૈયારી, તારણ શોધવા. ટેક

ઉદધી રૂપ આ વિશ્વમાં, વારી પાપ ભરપૂર ;
શોધશો તોતો પહોંચશો, નહિ તો બુડશો ભાઇ જરૂર,
લીઓ ધ્યાનમાં ધારી, વિનંતી મારી, કરો તૈયારી, તારણ શોધવા. ટેક. ૧

સમજો છો સહુ દીલ વિષે જે, નહીં અચળ આ ઠામ ;
તોપણ બેદીશાહ થઇ, કેમ નાશ થાઓ છો આમ ?
આ કેવી નઠારી, ચાલ તમારી, કરો તૈયારી, તારણ શોધવા. ટેક. ૨

મૃત્યુ આવી ઝડપશે, જેમ તેતર પર બાજ ;
તરફડતા રડતા જશો, નહીં સીધશે એકે કાજ,
પછી થશે લાચારી, સ્થિતિ તમારી, કરો તૈયારી, તારણ શોધવા. ટેક. ૩

જો પૂછો કો મુજને, ક્યાં શોધું હું એ ;
"ખ્રીસ્ત વિના તારણ નહી," નહીં ભાગે એવું નાવ છે,
આવો બેસવા, મારી વાત વિચારી, કરો તૈયારી, તારણ શોધવા. ટેક. ૪

૩૮. આવો ભાઇઓ આવો, સુવાર્તા સંભળાવીએ ;
અંધારા માંહેથી કાઢી અજવાળામાં લાવીએ. આવો—૧

જેથી શીખી નીતિ રીતી સ્વર્ગ માંહે ફાવીએ,
આકાશી પ્રજા થઇ દૂતોની સાથે મહાલીએ. આવો—૨

તોડીએ હરામી નીત, સુરીતથી જોડીએ,
દોડીએ સુપંથ માંહે, કદી નહિ પડીએ. આવો—૩

આકાશી મુગટ તારણનો લઇ પહેરીએ,
દુ:ખનો કોઠાર કાઢી સુખ બહુ ભરીએ. આવો—૪

જો અનંત સુખ મેળવવા ઇચ્છા કરીએ,
તો તો ઝટ ચેતી ચેતી પાપ થકી ફરીએ. આવો—૫

૩૯. વહેલા વહેલા વહેલા પ્રભુજી, મારે મંદિરે આવજો રે; ટેક૦
મનડાં કેરાં મંદિર બનાવું, રૂદીઆમાં રહેજો રે; ૧
તન, મન, ધન, પ્રભુજી, સહુ સોંપુંછું તમને રે; ૨
પવિત્ર આત્માથી ભરપુર કરો, આશીર્વાદ આપો રે; ૩
શેતાન શત્રુ જોર કરે છે, નરકમાં લઇ જવા રે; ૪
સતની તલવાર મને આપો, શેતાન સાથે લડવા રે; ૫
લડતાં લડતાં મરણ પામીને, સ્વર્ગી મુગટ લઇશું રે. ૬

---

૪૦. હળવે તું દોરી લે પાળક પ્યારા
જ્યાં હોય જળ જીવન ને લીલા ચારા;
અમોને રાત દિવસ સંભાળી લે,
કદી ન દુર જઇએ. ૧

ન જઇએ......દુર કદિએ..........
રસ્તો ને સત્ય ને જીવન તું છે........
ન જઇએ......દુર કદિએ..........
કદી ન દુર જઇએ. ટેક.

જો ચઢી ઉઠે ભયંકર તોફાન
ગર્જના ગાજી અંધારાય આસ્માન,
તોપણ તુજ વચન પ્રકાશે વાટે,—
કદી ન દુર જઇએ. ટેક. ૨

પોતામાં અબળ પણ તારામાં શૂર
કંઠ લગી નમ્ર ને તુજ પર આતુરે :
તારી સંઘાતે આકાશ પહોંચીએ,—
કદી ન દુર જઇએ. ટેક. ૩

૪૧.

હવે જોઇ પૃથ્વી પાપમાંરે, તારવા ત્રાતાને મોકલ્યો જો; ૧
અવતાર ધર્યો છે ગભાણમાંરે, તેનું નામ ધર્યું છે ઇસુ જો; ૨
વરસ બારનો બાળક તે થયોરે, ઉપદેશ આપ્યો મંદિરમાંહે જો; ૩
સઘળા પંડિત અચરત પામ્યા, રે જ્ઞાન કયાંથી એ બાળકને જો; ૪
સર્વે શુભ સમાચાર સાંભળીરે, તેના ભકતો જનો હરખાય જો; ૫
ફર્યો યહુદા આખા દેશમાંરે, અદ્ભુત કામો તેણે કીધાં જો; ૬
રોગી જનના રોગ મટાડયારે, પાપીને આપ્યું મુક્તિદાન જો; ૭
તેતરીસ વરસ જગતમાં તે રહ્યોરે, પાપી કાજે લોહી વહેવડાવ્યું જો; ૮
ક્રૂસ ઉપર પોકાર પાડીઓરે, મારા દેવ કેમ મુકી દીધો જો; ૯
ફાટયા મંદિર માંહેના પડદારે, આખા દેશપર અંધકાર થયો જો; ૧૦
ધરતી કાંપી ખડકો ફાટયારે, મુએલાં ઉઠી શહેરમાં જાય જો; ૧૧
જમાદાર સિપાઇઓ ગભરાઇ ગયારે, પરાક્રમ જોઇને ઇસુનું જો; ૧૨
મરણ પામી દટાયો ઘોરમાં રે પછી ગયો છે આકાશ જો; ૧૩
જગતના અંતે પાછો આવશેરે, પવિત્ર દુતોની ફોજ લઇને જો; ૧૪
રણસીંગડાના નાદ વગાડશેરે, મુએલાં ઉઠી સઘળાં આવશે જો; ૧૫
ખ્રિસ્તાચારી કહે મુક્તિ વિનારે, સ્વર્ગે જતું નથી કોઇ જો. ૧૬

૪૨.

ઉઠને, ઉઠને, જાગને જીવ તું, થાય છે પ્રૌઢ જો આજ સારો;
રાતના પોરમાં, ઘોર અંધારમાં, કેમ તો જીવિયો જીવ તારો;
ઉઠ૦ ૧

જ્યારથી તુંતણી આંખ તો નિંદમાં મીચતાં ઉંઘતો સોડ તાણી,
તે વિષે કોણ સંભાળતો તો તને, એજ તું ધારને ધ્યાન આણી.
ઉઠ૦ ૨

કૈંક તો આજની રાતમાં મોતના ખાટમાં દુઃખના માર ખાતાં,
હું મરૂં એ કહી શ્વાસ કાઢે ઘણો, ભોગવે વેદના પ્રાણ જાતાં.
ઉઠ૦ ૩

એમ તો કૈકના જીવ જાતા ઘણા, તોય તું જીવતો આજ તાજો;
એમ તું ધારતો દેવને માનજે, તેજ તો રાખશે જીવ સાજો.
ઉઠ૦ ૪

પાપની ઊંઘથી, દુઃખના મારથી, દેવ સંભાળશે ભાવ આણી,
દેવ તો તારશે પ્રેમના ભાવથી, જો તમો માનશો દેવ વાણી.
ઉઠ૦ ૫

---

૪૩. ઘેર વળો, રે, ઘેર વળો, સહુ જે ભટકેલા:
ઘેર વળો, તમ જે જગમાં ખાધાં દુઃખ હેલાં. ટેક. ૧

ક્યાં ઘર મૂકી તો હવડાં તમ દૂર ફરો છો?
દોપતાણું જ્યમ દુઃખ વધે ત્યમ કાજ કરો છો. ઘેર૦ ૨

ઇસૂ તો બોલાવ કરે, બહુ પ્રેમ કરીને;
મોત સહ્યું નિજ પ્રેમથકી, વધસ્તંભ ધરીને. ઘેર૦ ૩

આત્માનો ધાંટો પણ છે, સામર્થ્ય ભરેલો;
પ્રેમથકી તે બોધ કરે, હવડાં ફર વેલો. ઘેર૦ ૪

મંડળ તે પણ આવ કહી બહુ આશ જણાવે;
ચાનાનો દેખાવ કરી તુજ ભાવ મનાવે. ઘેર૦ ૫

જ્ઞાન કહે, તમ સર્વ જાણો, તજજો મન ઘેલું;
વાર વિલંબ કરે મરશો, લ્યો સત્ય કહેલું. ઘેર૦ ૬

મોત થયે નહિ માફ પછી, ન પછી ફરવાનું;
આ જગના દિન અલ્પ ઘણા, એમાં તરવાનું. ઘેર૦ ૭

૪૪.

ધૂળ તો થશે દેહ આપણી, ટકે કદા ન દેહ બાળ પ્રૌઢની;
ફૂલ તો ખરે સૂર્ય તાપથી, મનુષ્ય એજ હાલપાપ શ્રાપથી. ૧

ધૂળના બન્યા, ધૂળમાં જશે, દરિદ્ર કે ધનાળ ધૂળ સહુ થશે;
હંસ તો જશે દેહ છોડતાં, પડી રહે શરીર ધૂળ ઓઢતાં. ૨

મોત પાસ છે, આવશે ખરે; કરો ઉપાય આજ, ત્રાણ કો કરે?
ત્રાણ તો થશે, ખ્રીસ્તને ભજો; ખરો થશે બચાવ, ખ્રીસ્તને સજો. ૩

બીક મોતની કોણને ઘણી? કરો વિચાર આજ જીંદગી ભણી.
ખ્રીસ્ત સાહ્ય છે, દાસ એ કહે; નથી જરાય બીક, મોત ક્યાં રહે? ૪

૪૫.

પ્રભુ મજ, તારણ દે પતિતોને, તારણ દે પતિતોને,
પ્રભુ મજ, તારણ દે પતિતોને. ટેક.

પુણ્ય નથી, પ્રભુ, મારી પાસે, પાપ ઘણાં મજ માથે; પ્રભુ૦ ૧
નિશદિનના તો બહુ અપરાધે, છું અતિ દોષિત સાથે; પ્રભુ૦ ૨
વૈદ્ય નથી, પ્રભુ, તુજ વિણ કોઇ, સાજો કર સહુ વાતે; પ્રભુ૦ ૩
સર્વ સમર્થ ખરો, તું ત્રાતા, રાખ મને તુજ હાથે; પ્રભુ૦ ૪
શું કરવું તે કે, પ્રભુ નાથા, મૂર્ખ ઘણો છું જાતે; પ્રભુ૦ ૫
તુજ સ્તવનો હું ત્યારે ગાઉં, સંતોની સંઘાતે; પ્રભુ૦ ૬

"I HEAR THY WELCOME VOICE."

૪૬.

ઓ ખ્રીસ્ત, તુજ સ્વર મધુર મુજને બોલાવે છે;
તે સુણી હું આવું શુધ્ધ થવા તુજ રક્તની મારફતે. ૧

આવું છું તુજ પાસ, આવું આ પળે;
રકતે મને ધોઇ નાખ જે દુખથી નિકળે. ટેક.

લાચાર ને છેક અશુદ્ધ, પુણ્ય વગર આવું છું;
સહુ દોષ તું પૂરણ કાઢેછે, કે વગર ડાઘ હું થઉં. આવુંછું. ૨

હે ઇસૂ તું કરાવ સંપૂરણ પ્રેમ વિશ્વાસ;
શાંત આશા મનમાં તું સ્થપાવ એં, અને તેં તું પાસ. આવુંછું. ૩

હે ખ્રીસ્ત, તુજ દયા કૃત દિલમાં તું દૃઢ કરાવ;
કૃપા ને વળી કૃપા આપ, ને પાપનું બળ દબાવ. આવુંછું. ૪

જય જય શુદ્ધ કરનાર રક્ત! ખરીદનાર કૃપા જય!
જયજય ખ્રીસ્તને, પ્રભુનું દાન, સદ્ભકતોને પણ જય! આવુંછું. ૫

૪૭.

ઇસૂ, ઇસૂ, દયારૂપ, ઇસૂ ખ્રીસ્ત, દયાનો ભૂપ.
દયાસાગર, દયાવંત, દયા તેમાં છે અનંત.
જન્મથી હું પાપી ભ્રષ્ટ, જન્મથી છે પાપનું કષ્ટ;
જ્યારે લીધો પેહેલો શ્વાસ, પાપી લોકમાં ત્યારથી વાસ. ૧

મારા મનમાં પાપ વિચાર, અંગે વળગ્યા પાપ વિકાર;
પૂરો હું અપરાધી જન, એથી દુ:ખી મારૂં મન.
ઇસૂ, ઇસૂ, દયારૂપ, પાપીને દયાનો ભૂપ,
માટે થાઉં તારો દાસ, ભાવે રહું તારી પાસ. ૨

જપ, ને તપ, ને વનમાં વાસ, સ્નાન, ને દાન, ને ઉપવાસ,
બધા છે વૃથા ઉપાય, છુટકો તેઓથી ન થાય.
વૃથા છે પણ હોમ, હવન, તેથી ન છુટે દુર્જન;
યાત્રા, તીર્થ, ને ગંગાજળ, એકેમાં ન મળે બળ. ૩

બીજાનો કરીને ત્યાગ, તુંમાં શોધું પૂરો ભાગ;
થાજે મારો ધન્ય ભૂપ, ઉરમાં કરજે પુણ્ય રૂપ.
થા ન કદી દાસથી દૂર, વસ્તી કરજે મારે ઉર;
કરજે પાપનો પરિહાર, આપજે મને ધન ઉદ્ધાર. ૪

૪૮.

છે શુદ્ધનો, મુક્તનો હર્ખ ખરો, તે રક્તના તીર્થમાં રોજ તરો;
સહુ મેલને મૂકતાં માર તજો, ને મુક્તિના હર્ખમાં ખ્રીસ્ત ભજો. ૧

રે પ્રીતિ વખાણજો, પ્રીતિ વખાણજો,
પ્રીતિ વખાણજો, પ્રીતિ ઘણી. ટેક.

ઇસૂથકી ત્રાણ છે પૂર્ણ સદા, ન ત્યાગશે દીનને ખ્રીસ્ત કદા;
તો હર્ખતાં ખ્રીસ્તમાં આશ ધરો, ને દોષનો ધાક તે દૂર કરો.
રે પ્રીતિ. ૨

રે પાપના ઘા થયા સર્વ સ્થળે, પણ ખ્રીસ્તથીસર્વની રૂઝ વળે;
સહુ શોક સાટે ખરી શાંતિ મળે, ને હર્ખને કારણે આંસુ ટળે.
રે પ્રીતિ. ૩

રે ખ્રીસ્તના થંભથી ત્રાણ થયું, ત્રાતાતણા મોતથી મોત ગયું;
તો મોત આવે મને બીક નથી, તે દ્વારથી આવશે મુક્તિ ગતિ.
રે પ્રીતિ. ૪

૪૯. આકાશથી દેવે કહ્યું, દયા પ્રગટ કરાય;
સંપૂરણ તારણ થયું, હવે ન લોક મરાય.
આકાશી દૂતો માને, લોકોમાં થશે જાણ;
વિવેકી સર્વે જાણે, હું સદા સ્તુતિવાન. ૧

પણ માણસ થયું પાપી, ને ભુંડું તેનું મન:
મૂર્ત્તિની પૂજા સ્થાપી સંઘાં થયાં દુર્જન.
મેં માણસ કર્યું સુખી, પવિત્ર તેની જાણ;
આદનમાં તેને મુકી, તાં આપ્યું મેં વહાન. ૨

પણ ભુંડો વિચાર પેઠો, ને થઇ તેથી ભૂલ;
ને પાપમાં માણસ બેઠો, ને આસન થયું ધૂળ.
શેતાનની વાતો માની તે લાવ્યો માથે નાશ;
ને જ્ઞાનની વાત ન જાણી તેણે ખોયું આકાશ. ૩

પણ દેવે પ્રેમે ભરી ન થવા દીધો નાશ;
ઉદ્ધારનો ઉપાય કરી તે કે છે, આવ આકાશ.
ઉદ્ધારની, રે, ઉદ્ધારની આ ખબર દૂર ફેલાવ;
જગતના એક તારનારની સર્વેને વાત શીખાવ. ૪

૫૦. "WHAT CAN WASH AWAY MY STAIN?"

મજ પાપના ડાઘ ધોશે કોણ? ઇસૂનું રૂધીર છે વ્હેતું;
મજને સાજો કરશે કોણ? ઇસૂનું રૂધીર છે વ્હેતું; ૧

અમૂલ્ય છે ખરે, શ્વેત બરફ સમ કરે;
અન્ય ઝરો ન મળે, ઇસૂનુ રૂધીર છે વ્હેતું. ટેક.

શુધ્ધ કરનારૂં જોઉં એજ, ઇસૂનું રૂધીર છે વ્હેતું;
મુજ મારીનો ઉત્તર તેજ, ઇસૂનું રૂધીર છે વ્હેતું. ટેક. ૨

બીજાથી પાપ દૂર ના થાય, ઇસૂનું રૂધીર છે વ્હેતું;
મુજ પાસે નહિ સુકૃત કાંય, ઇસૂનું રૂધીર છે વ્હેતું. ટેક. ૩

મુજ શાંતિ ને આશા એજ, ઇસૂનું રૂધીર છે વ્હેતું;
મારૂં ન્યાયીપણું પણ તેજ, ઇસૂનું રૂધીર છે વ્હેતું. ટેક. ૪

"HOLD THE FORT."

૫૧. જો, સન્તોદ્ધા, જો ધ્વજા રે, ઉંચ દીસે જો;
સાહ્યકારી પ્હોંચશે, જો, જીત થાશે હો. ૧

"દુર્ગ રાખો, હું આવું છું," ખ્રીસ્ત દાખે આ;
ઉત્તરે તો વાક્ય વાળો, "તવ દયાએ હા." ટેક.

જો, બળિષ્ટો માર્ગ કાપે, દુષ્ટ દોરે જ્યાં;
જો, પડે રે વીર મોટા હામ મુકી ત્યાં. ટેક. ૨

જો, ધ્વજા રે હિમ દિસે, શિંગ વાગે બહુ;
નાથ નામે જીત થાશે, શત્રુ હારે સહુ. ટેક. ૩

ઉગ્ર, લાંબું જુદ્ધ ચાલે, સાહ્ય પાસે છે;
જો, નિયંતા આવી પ્હોંચ્યો, "જે" કહો રે, "જે." ટેક. ૪

૫૨.

ઇસૂ ચરણે પાપો મૂકું, તે કરશે પરિહાર;
તે સહુ હરણ કરીને લેશે, ઉતારશે મજ ભાર. ૧

ઇસૂ ચરણે દોષજ મૂકું, તે ધોશે મજ ડાઘ;
તન મન શુદ્ધ કરીને આપે પુણ્યતણો શુભ ભાગ. ૨

ઇસૂને મજ દુ:ખ જણાવું, તે ગુણનો ભરપૂર;
મનના વ્યાધી સર્વ મટાડે, નબળું કરશે દૂર. ૩

ઇસૂ પાસે શોક જણાવું, સહુ ચિંતાનો બોજ;
ક્લેશતણું સહુ કારણ પાડી, મને નિભાવે રોજ. ૪

ઇસૂને મજ ઇચ્છા બોલું, ભાવતણી શુભ તાણ;
તૃપ્ત કરી સહુ મારી તૃષ્ણા, તે આપે નિજ જાણ. ૫

ઇસૂ જેવો ક્યારે થાઉં, પ્રેમી, નમ્ર, દયાળ?
ઇસૂ જેવો ક્યારે થાઉં, પિતાતણો શુભ બાળ? ૬

ઇસૂ પાસે ક્યારે જાઉં, સુખધોક્રી જનમાંય?
ઇસૂનું હું ક્યારે ગાઉં, દૂતો ગાએ જ્યાંય? ૭

સભા મળે છે ઇસૂ પાસે, સર્વ પવિત્ર લોક;
દૂતો સાથે ભક્ત મળીને, સર્વ તજે છે શોક. ૮

ઇસૂ પાસે હર્ખે કરે છે, શુદ્ધ થએલી જાત;
નિત્ય નવા નવ નદ કરે છે, નામ સ્તવી પ્રભુ નાથ. ૯

૫૩.

હે ઇસૂ, જગતના તારનાર, તું એકલો પાપને દૂર કરનાર;
તારી દયા અનંત અપાર, તું મારાં પાપ મટાડ. ૧

મજ ગરીબની પાસે નથી પુણ, પણ મારે માથે આત્મિક રૂણ;
હે ત્રાતા, મારી અરજી સુણ, ને મારાં પાપ મટાડ. ૨

તેં છોડયું આકાશમાંનું સુખ, માનવને કાજે વેઠયું દુ:ખ,
કે તારા લોકને મળે સુખ, તું મારાં પાપ મટાડ. ૩

તેં લોકને સારૂ સહ્યું મરણ, ને એમજ કીધું પાપનું હરણ;
હે ત્રાતા, આવું તારે શરણ, તું મારાં પાપ મટાડ. ૪

મારા પર ચઢયો પાપનો ભાર, તેથી નરકમાં છું ડુબનાર;
દયાળુ ઇસૂ, મને તાર, ને મારૂં પાપ મટાડ. ૫

પાપથી બહુ થયો મને ત્રાસ, પણ હવે તારા પર વિશ્વાસ;
મને ન થવા દે નિરાશ, તું મારાં પાપ મટાડ. ૬

પાપ ઉપર મને ફતેહ દે, આકાશમાં તારી પાસે લે,
તો ત્યારે માગવું પડશે નહિ, કે મારાં પાપ મટાડ. ૭

PART III.—Hymns for Children.

ભાગ ૩ જો. છોકરાંને સારૂ ગીત.

૫૪. ઇસૂ જેવો હું થઉં, સાલસ, નમ્ર, દયાળ;
ક્રોધતણો તે શબ્દ પણ નવ બોલ્યો કો કાળ. ૧

ઇસૂ જેવો હું થઉં, ભક્તિ કરે દિન રાત;
પહાડો પર તે એકલો મળે પિતાની સાથ. ૨

ઇસૂ જેવો હું થઉં, ક્ષમા કરે અપરાધ;
સંતાવનારા પર કદી ન કરે સામો વાદ. ૩

ઇસૂ જેવો હું થઉં, પરદુઃખ ભંજનહાર;
બની શકે તેવું કરી, કાઢું દુઃખનો ભાર. ૪

ઇસૂ જેવો હું નથી, એ જાણે સહુ લોક,
ઇસૂ ખ્રીસ્ત, દયા કરી, તજાવ સંઘુ ફોક. ૫

૫૫. પ્રશ્ન. ઇશ્વર છે આકાશમાં, આસન ઉચ્ચ અપાર,
જ્યારે હું ભુંડું કરૂં, તે શું તે જોનાર?
ઉત્તર. હા, તેને જોનાર છે, ઇશ્વર રાખી અક્ષ
રાત દિવસ જોયા કરે, નવ ભૂલે નિજ લક્ષ. ૧

પ્ર૦ ઇશ્વર છે આકાશમાં, ચિંતા તેને હોય
કે મજને શું શું થશે, અછત હશે કે કોય?
ઉ૦ હા, તેને ચિંતા ખરી, તે જુએ સહુ વાત;
અન્ન જળ વસ્ત્રો આપતાં, દયા કરે દિન રાત. ૨

પ્ર૦ ઇશ્વર છે આકાશમાં, મેં એવું મંગાય,
કે હું તેને ત્યાં જઉં? મેં તો ત્યાં રૈવાય?
ઉ૦ હા, બેટા, તું ચાલજે ઇશ્વરની શુભ ચાલ,
તો પ્રભુ બેસાડે તને ખોળામાં સહુ કાળ. ૩

૫૬.

નાનું કૈં અપમાન થયાથી, તરત તપી ઉઠશે જો ક્રોધ,
ખ્રીસ્તે સ્વર મૂકી દુઃખ વેઠયાં, એ સંભારી લેઉં બોધ. ૧

પ્રેમ કરી તે મીઠું બોલે, તો પણ નિત પામે અપકાર,
લોક ગમે તે કહે કરે પણ, તેનું મન ડોલે ન લગાર. ૨

સ્તંભે તેનું લોહી વે'તું, સહુ નિજ ઘાતક પાસ ઉભેલ,
ત્યારે બોલ્યો, 'માફ, પિતા, કર, નથી સમજતા કામ કરેલ.' ૩

વાલા તારક, મજ મન સુધરે, જોઇને તુજ પ્રેમી ચાલ;
મારીનું તું બોલ વચન પણ, મજમાં ભૂલ પડે જે કાળ. ૪

૫૭.

ઇસૂ પ્રેમી, ઇસૂ ત્રાતા, જો પણ સહુનો તે તો ધાતા,
ઠાણું નોહ્તું જન્મ થાતાં. અરે રે રે રે. ૧

વાડીમાં તે આવ્યો જ્યારે, તેણે પીડા વેઠી ભારે,
ઘામે લોહી વહ્યું ત્યારે. અબ બ બ બ. ૨

ઘાતકે તો વેચી દીધો; પોરાવાળે ઝાલી લીધો;
ચોરના સરખો તેને કીધો. થુ થુ થુ થુ થુ. ૩

ઠઠ્ઠે, સોટી આપી હાથે; કંટક મુગટ મૂકયો માથે;
કોરડા માર્યા નિર્દે ભાતે. અરે રે રે રે. ૪

તે પર થુંક્યા, મોડે માર્યો; નિંદા કીધી, ને ધિક્કાર્યો:
હાથે પાયે ખીલા માર્યો. અગ ગ ગ ગ. ૫

ખાટું, કડવું તેને પાયું; ભાલે હૈયું પણ વિંધાયું.
પાપી કાજે એ કરાયું. આહા હા હા હા. ૬

આવાં દુઃખો સહ્યાં જેણે, કેવું તારણ કીધુ તેણે!
એવું કીધુ બીજા કેણે? જય જય હો. ૭

૫૮.

રાખો રાખો તમે પ્રીતિ, પ્રભુ ઇસૂએ દીધી રીતિ. ટેક.

પગ ધોયા શિષ્યના જ્યારે, રીતિ શિખવી તેણે ત્યારે. ૧
દુઃખ વેઠયું ખ્રીસ્તે ભારી, પાપી જન લીધા તારી. ૨
વાસ કીધો જગ સાથે, પાપ લીધાં સહુનાં માથે. ૩
પ્રીતિ કીધી શીર સાટે, પ્રાણ દીધો પાપી માટે. ૪
માથું નમી દીધો પ્રાણ, તેથી થયું સહુનું ત્રાણ. ૫
કેવી પ્રીતિ કીધી તેણે! એવી કીધી બીજા કેણે? ૬

"THERE IS A GREEN HILL FAR AWAY."

૫૯. બહુ દૂર એક લીલો ડુંગર છે, એક શાહેરના કોટની બાર;
ત્યાં આપણું તારણ સાધવાને ઇસુ થયો મરનાર. ૧

જે ભારે કષ્ટ તેણે વેઠયું, તેનું બ્યાન નહિ કરાય;
પણ તેથી આપણો છુટકો છે, એવું નિશ્ચે જણાય. ૨

માનવનું પાપ નિવારણ થાય, પવિત્રાઇ પણ મળે;
એજ આશિષ ખ્રીસ્તના લોહીથી બધાંને વાસ્તે છે. ૩

તે પાપની શિક્ષા એકલો સેવા બળવાન હતો;
તેણે ઉઘાડયું સ્વર્ગનું દ્વાર, આવવાનો હક દીધો. ૪

રે, તેનો પ્રેમ અપાર છે, તેના પર પ્રેમ રાખજો;
તેના પર વિશ્વાસ કર્યેથી તેના જેવા થશો. ૫

૬૦. "JESUS LOVES ME."

ઇસુ હું પર કરે પ્રીત, લખ્યું શાસ્ત્રમાં ખચીત;
ન્હાનાં બાળો તેનાં છે, હું અબળ જોરાવર તે. ૧

હા, ઇસુ ચાહે, હા, ઇસુ ચાહે;
હા, ઇસુ ચાહે, બબલ દે શાક્ષી તે. ટેક.

મરણનો વેઠીને માર, ઉઘાડયું છે સ્વર્ગી દ્વાર;
ધોશે મારાં સંધાં પાપ, લેશે સ્વર્ગે મને આપ. ટેક. ૨

ઇસુ હું પર કરે વ્હાલ, થાઉં માંદો હું જે કાળ:
આસનથી ઉઠીને ખાસ, ખબર લેવા આવે પાસ. ટેક. ૩

ઇસુ હું પર કરે પ્રીત, સાથે રેશે વાટે નીત;
જો હું તે પર કરૂં પ્રેમ, આકાશે પ્હોંચાડે ક્ષેમ. ટેક. ૪

૬૧. એકપણાનું બંધન જેમાં, એ તો ટકશે સાચું;
બીક વિના તે કામ ચલાવે, કૈં નહિ રાખે કાચું. ૧

એકપણું તો સૌમાં શોભે, સૌથી ઉત્તમ લાગે:
એ આભૂષણ જેને ઉરે, તેનાં દુખડાં ભાંગે. ૨

એકપણું તો સૌમાં જોજો, એ વણ રેજ નહિ ચાલે;
રાજદુવારી સઘળાં કાજો એને લીધે હાલે. ૩

એકપણાએ ઘરનાં કામો, શુભ શુભ રીતે થાશે;
ટંટા ઝઘડા દૂર કરાઇ, ઘરમાં પ્રેમ ભરાશે. ૪

અંગતણા તમ અવયવ ભાગો, એકપણાએ ચાલે;
તનસુખ કરવાને તો કાજે, કેવો આશો આલે. ૫

હાથ લડે નહિ પગની સાથે, મુખ નહિ આડું ભાખે;
હળતાં મળતાં એકબીજાનું, સૌનું માનજ રાખે. ૬

એકપણાનો પાયો તૂટયો, તો થાશે રે હાની;
જગવેવારો ધૂળજ થાશે, એ તું લેજે માની. ૭

એકપણાનો નિયમજ ભારે, જગકર્તાએ આપ્યો;
કે જેથી નિજ જ્ઞાન જણાએ, માટે એને થાપ્યો. ૮

એકપણે તો જગનાં કામો રૂડી રીતે ચાલે;
પરલોકી પણ સઘળાં વાનાં એકપણાથી માલે. ૯

એકપણાના બંધનમાં તો, સત તરવારજ સારી;
ન્યાયપણાનું બખતર પેરો, જય જય થાય તમારી. ૧૦

એકપણામાં ટકવા કાજે, ઢાલ ખરી રે રાખો;
ભાવતણી તો ઢાલ ગણાશે, શત્રુ હરવી નાખો. ૧૧

તારણનો તો ટોપ ધરીને, શૂરા થાજો વીરા;
સંગતમાં તો ઇસૂ રાખી, મનડે રેજો ધીરા. ૧૨

---

૬૨. "THE GREAT PHYSICIAN."

મહાન વૈદ પાસ છે, દયા ભરેલ ઇસૂ;
બધે કરે દિલાસ તે, સુણો કહે જે ઇસૂ. ૧

દૂતનાં વખાણમાં, માણસોનાં ગાનમાં,
શ્રેષ્ઠ સર્વ તાનમાં ઇસૂ, ધન્ય ઇસૂ. ટેક.

ક્ષમા કરે અકર્મની, દયાને કાજ, ઇસૂ;
ધરો સુચાલ ધર્મની, બક્ષે સુતાજ ઇસૂ. દૂતના૦ ૨

સજીવ તો થએલ જે, ત્રિધન્ય થાય ઇસૂ;
ધરી મહા કરેલ જે, ભજું સુરાય ઇસૂ. દૂતના૦ ૩

અધર્મ દોષ દૂર છે, કરે ઉપાય ઇસૂ;
ઉમંગ પૂર્ણ ઉર છે, બક્ષે સુન્યાય ઇસૂ. દૂતના૦ ૪

તમો બધા વખાણજો પવિત્ર નામ ઇસૂ;
ધરી સુધર્મ માનજો; અપાર નામ ઇસૂ. દૂતના૦ ૫

જુવાન, વૃદ્ધ, સહુ કરો, કહે જે કામ ઇસૂ;
શ્રમે સુભાવ સહુ ધરો, બૂઝી સુનામ ઇસૂ. દૂતના૦ ૬

પછી ચઢે તો સ્વર્ગમાં, પ્રત્યક્ષ થાય ઇસૂ;
વખાણીશું સુવર્ગમાં, ત્રિધન્ય રાય ઇસૂ. દૂતના૦ ૭

"HERE WE SUFFER GRIEF AND PAIN."

૬૩. હ્યાં તો શોક દુ:ખ થાય છે, મિત્રો આવી જાય છે,
આકાશમાં એમ ન થાય. ૧

કેવો થશે આનંદ, આનંદ, આનંદ, આનંદ;
કેવો થશે આનંદ, જારે આવી કોઇ ન જાય. ટેક.

જેઓ કરે ખ્રીસ્તનું હેત, તેઓ, તેના લોક સમેત,
આકાશનાં ગીતો ગાય. કેવો થશે આનંદ. ૨

ત્યાં તો બાળકો મળે, ઇશ્વર પ્રાર્થના કરતા જે,
ઘણી નિશાળો માંય. કેવો થશે આનંદ. ૩

કેવા સુખી હોઇશું, આપણે તારનાર જોઇશું,
તે વૈભવે દેખાય. કેવો થશે આનંદ. ૪

સ્તુતિ કરતા જઇશું, સદા સુખી થઇશું
પ્રભુની સેવા માંય. કેવો થશે આનંદ. ૫

"THERE IS A HAPPY LAND."

૬૪. એક છે આનંદી દેશ, તે નિરાળું;
રાત વિના ત્યાં હમેશ છે અજવાળું;
કેવાં મીઠાં ગીત ગાય,
તારનારની સ્તુતિ થાય,
તેનું વખાણ સંભળાય, તે દયાળુ. ૧

આવો સુખને દેશે, ચાલો, આવો ;
કોણ ભ્રાંત મધ્યે રેશે ? ઇમાન લાવો ;
આપણે સુખ ભોગવીશું,
પાપ દુ:ખને છોડીશું,
ખ્રીસ્ત સાથે રહીશું, ગીત ગીત ગાઓ. ૨

તે દેશમાં નથી પાપ, તેમાં સુખ નિત ;
તેમાં છે આપણો બાપ, ને પ્રેમ અમૃત ;
ચાલો, ઇધર ફરો,
તાજ રાજ મહિમા ધરો,
અને સદા કરો સંપૂર્ણ પ્રીત. ૩

"OH, HOW HE LOVES!"

૬૫. ઇસૂ તને પ્રીય લાગેછ ? જો તેનો પ્રેમ.
તેને ત્યાં તું આવવા માગેછ ? જો તેનો પ્રેમ.
પસ્તાઇને ઉંઘથી જાગજે,
પાપની પૂરી માફી માગજે,
નવી ચાલે ચાલવા લાગજે ; જો તેનો પ્રેમ. ૧

તારી વિનંતી તે માનશે, જો તેનો પ્રેમ.
તારૂં બાળકપણું જાણશે, જો તેનો પ્રેમ.
તારા જેવો બાળક થયો,
તને તારવા પોતે મુઓ,
તારો દોષ ઇસૂથી ગયો ; જો તેનો પ્રેમ. ૨

તેના પર વિશ્વાસ તું આણજે, જો તેનો પ્રેમ.
ભૂલશે નહિ ખચિત જાણજે, જો તેનો પ્રેમ.
તેના હાથથી કોણ લેનાર છે ?
ઇસૂ સામર્થ્યવાન અપાર છે,
પ્રેમ કરનાર ને મદદગાર છે ; જો તેનો પ્રેમ. ૩

શાથી પાછો તું ફરે છે? જો તેનો પ્રેમ.
દયા સદા તે કરે છે, જો તેનો પ્રેમ.
આવ, ને તેનો પ્રેમ વખાણજે,
આવ, ને તેની શક્તિ જાણજે,
આવ, ને તેને ધનવાન માનજે; જો તેનો પ્રેમ. ૪

૬૬.

શાસ્ત્ર પવિત્ર ખરો ભંડાર, જ્ઞાન સનાતન ત્યાં મળનાર.
છે મજ મૂળતણું ત્યાં જ્ઞાન; છે મજ જાતતણું ત્યાં શાણ. ૧

છે મજ ચુક વિષે ત્યાં બોધ; છે મજ ભૂલ વિષે ત્યાં શોધ;
છે મજ ઇશ્વરની ત્યાં રેમ; છે મજ ત્રાતાનો ત્યાં પ્રેમ. ૨

છે મજ ન્યાયતણો ચૂકાવ; છે મજ ત્રાણ વિષેનો ભાવ;
છે મજ દોષ વિષેનો માર; છે મજ નબળાનો ઉદ્ધાર. ૩

છે મજ બીકતણી ત્યાં શાંત; છે મજ તારણનું વૃત્તાંત;
છે મજ પાપ તજ્યાનું ચિત્ત; છે મજ વૈરી પરની જીત. ૪

છે મજ સૌખ્ય વિષે વિશ્વાસ; છે મજ તાજતણી ત્યાં આશ;
એ ભંડાર પવિત્ર અમૂલ્ય, નિત નિત આપે જ્ઞાન અતૂલ્ય. ૫

તે મજ કરમાં છે આપેલ, ઇશ્વર પ્રેમ થકી દીધેલ;
તેજ જણાવે જીવ અનંત, તેજ સદા શિરોમણિ ગ્રંથ. ૬

"LITTLE DROPS OF WATER."

૬૭. નાને નાને ટીપે સાગરો ભરેલ;
નાની નાની રજે ખંડો છે કરેલ. ૧

કાળના પલક પલક લાંબા જુગ કરે;
મોટાં મોટાં કામો નાનાંથી સરે. ૨

નાને નાને પાપે બારે ભૂલ પડે;
ખરો ચીલો ચૂકી જૂઠે નર ચડે. ૩

પ્રેમનાં નાનાં કામો, પ્રીતની નાની વાત,
મોટું સુખ કરાવે સાથીઓની સાથ. ૪

૬૮.

પાળક ઇસૂ, પાળ મને, જી, તું સંભાળક છે કરૂણાળ;
આશિષ દે મજ વાત સુણી, જી, આ નિશ ધર તુજ નાનું બાળ. ૧

અંધારા વિકરાળ વિષે, જી, રેજે તુજ બચ્ચાની પાસ;
અજવાળા લગ પાળ મને, જી, પૂર્ણજ કર રક્ષાની આશ. ૨

સહુ અપરાધ મટાડી દે, જી, આપ ક્ષમાનું શાંત સુજાણ;
સર્વ સગાં ને સ્નેહીને, જી, દે વારે વારે વરદાન. ૩

મરણ પછી સુખ લોક વિષે, જી, આપ મને તુજ પાસે ઠામ;
તે વાસે આનંદ કરી, જી, જોઉં શ્રેષ્ઠ મનોહર ધામ. ૪

પરિશિષ્ટ.

"FORTH IN THY NAME, O LORD, I GO."

૬૯. હે પ્રભુ, હું તુજ નામથી વળગું નિતને કામ;
ધંધા વાત વિચારમાં અવર ન આણું નામ.
તું પરખે છે ગુપ્ત જે અંતરમાંની વાત,
તો મજ હૈડું અર્પતાં દાસ થઉં છું, નાથ. ૧

તારી હળવી ઝુંસરી તું મજ ખાંધે મૂક;
મારા કો પણ માર્ગમાં થવા ન દેજે ચૂક.
પળ પળમાં તો જાગતાં, પ્રાર્થું કરૂં દિન રાત;
સ્વર્ગી વાનાં તાકતાં સુખ શોધું મન સાથ. ૨

૭૦. પ્રગટ થશે રે ઇસૂ ક્યારે; ક્યારે પ્રભુ દેખાય?
ક્યારે, ઉદય થયાને કાજે, ઉગમણુ લાલ જણાય?
વાટ ઘણી અમ જોતાં બેઠા, જાગ્યા આખી રાત,
ક્યારે બૂમ પડે, કે 'આવ્યો ભક્તતણો શુભ નાથ?' ૧૨

એક પછી બીજો પરલોકે, સ્નેહી એકે એક;
સંગ વિના, અમ એકલવાસે ખિન્ન છિયે, વિણ ટેક.
મિત્ર ગયા તાં રાત નથી, રે, કળિયે એ સત વેણ;
તોય વિજોગપણાને દુ:ખે બેઠા આખી રેણ. ૨

હે પ્રભુ, વાક્ય ખરૂં છે તારૂં, 'વીતી રાત જનાર;
અજવાળાની જીત થવાની, ધન્ય પ્રભાત થનાર.'
વેણ કદી નહિ પડશે ખાલી, ધરિયે દૃઢ વિશ્વાસ;
આ સુખદેણ વચન પર હર્ખી નહિ તજીયે શુભ આશ. ૩

અરે પ્રભાતતણા શુભ તારા, તારી જોત જણાવ;
તુજ ઉપકીર્ણતણે અજવાળે, માન્ય થશે અમ ભાવ.
સૂર્યતણા પરિપૂર્ણ પ્રકાશે તૃપ્ત થશે અમ આશ,
તાં લગ, કૈં અંધાર દબાવી, આપો અલ્પ પ્રકાશ. ૪

---

૭૧. શુભ વાર્તાનો જે શુભ ધર્મ, જીભે સર્વ કહિયે મર્મ;
પણ જો જીભે થાય વખાણ, ચાલે રહિયે વાત પ્રમાણ. ૧

એમજ કેણી સહુ શોભાય, જ્યારે કરણી સાથે જાય;
બોધતણો ગુણ એથી હોય, ધર્મ ખરો માને સહુ કોય. ૨

એમજ દઇયે પૂર્ણ પ્રમાણ, કે મનમાં છે ઇશ્વર જ્ઞાન;
અંતરમાં તેનો અધિકાર શુદ્ધ રહ્યાથી દીઠ થનાર. ૩

ઇશ્વર મહિમા ત્યારે થાય, જ્યારે ઘટતી ચાલ મનાય;
વખાણમાં તો શ્રેષ્ઠ વખાણ સારી ચાલતણું, તે જાણ. ૪

ઇશ્વર છે મોટો બળવંત, જ્ઞાને, પ્રેમે, પૂર્ણ અનંત;
આપે લડવા બળ ને બુદ્ધ, દિન દિન લાવે માર્ગે શુદ્ધ. ૫

"O'ER THE REALMS OF PAGAN DARKNESS."

૭૨. ખોટા ધર્મીઓની જાતો, દૃષ્ટિ કરો ત્યાંની ગમ;
જુઓ, લોકની બહુ જમાતો ભટકી કરે મોટો ભ્રમ;
સહુ અંધારૂં, લોકો કરે છે વ્યર્થ શ્રમ. ૧

હે ચાલનારાંના અજવાળા, ઉગી તેજ ફેલાવી નાખ;
પારકાઓ પર બહુ દયાળુ, છાયા કરી પ્રસાર પાંખ;
રાજા પ્રજા સુખે જુઓ તારી આંખ. ૨

રે વિદેશીઓ, કેમ પૂજો લાકડાં પત્થરો સાકાર?
આવો, ખરા દેવને ભજો, માનો પ્રભુનો આભાર;
એનો મહિમા ફેલો સાગરાનુસાર. ૩

હે ત્રાતા, તું સહુનો કર્ત્તા, બોલ, તો તારા હુકમ પર
ઘણા પ્રેરિત, ફરતા ફરતા, ઉપદેશ કરશે જગતભર;
તું તેઓને સર્વદા સહાય કર. ૪

"'TWAS ON THAT NIGHT, WHEN DOOM'D TO KNOW."

૭૩ ખ્રીસ્તે કરી પાપ નિવારણ, પાપીઓને દીધું તારણ;
મોતને જીતી જીવતો થયો, મા પ્રતાપે સ્વર્ગે ગયો. ૧

પ્રેમ અનુપમ તેણે કીધો, પાપનો બોજો માથે લીધો;
ભકતો, માનો તેનું મરણ, ભોજને સહુ રાખો સ્મરણ. ૨

પાન ને ભક્ષણ પ્રેમ બતાવે, મારૂં પુરૂં કામ જણાવે;
ખાતાં પીતાં ભાવ વધારો, માનો મારો શુદ્ધ ઉગારો. ૩

જીવને કાળે જીવન ઝાલો, સ્વર્ગને માર્ગે પગલાં વાળો;
પાપ ને મોતને હું મટાડું, પુણ્ય દાને જીવ પમાડું. ૪

"ALL HAIL THE POWER OF JESUS' NAME!"

૭૪. ઇસૂના નામને દો મહિમા,
ને દૂતો લાગો પાય;
રાજ મુગટ લઇ આવો બધા,
ને માનો, માનો, માનો, તેને માનો રાય. ૧

આવો સર્વે ઓ સાહેદો,
બોલો જે વેદી માંય;
યસીના થડને સ્તવન દો,
ને માનો, માનો, માનો, તેને માનો રાય.

ઇસ્રાએલ, તમે પસંદ જાત,
  નિર્બળ ને નિરૂપાય,
કૃપાથી તે કરે નજાત,
  ને માનો, માનો, માનો, તેને માનો રાય. ૩

વિદેશીઓ, રાખો સ્મરણ,
  પાપક્લેશ કેરૂં સહાય;
વિજય લાવો તેને ચરણ,
  ને માનો, માનો, માનો, તેને માનો રાય. ૪

સર્વે લોકો જે આદમ પુત
  વસો જે આ જગ માંય,
આવીને તેની કરો સ્તુત,
  ને માનો, માનો, માનો, તેને માનો રાય. ૫

આવો, નમીએ તેને પાય,
  સંઘાતે સમુદાય;
લઇએ ભાગ સ્તવનોની માંય,
  ને માનો, માનો, માનો, તેને માનો રાય. ૬

ગીતોનું સાંકળિયું.

વિશ્વાસનામું.

સર્વસમર્થ ઇશ્વર જે પિતા, આકાશ તથા પૃથ્વીનો પેદા કરનાર, તેને હું માનું છું; વળી તેનો એકનોએક પુત્ર, અમારો પ્રભુ, જે ઇસુ ખ્રીસ્ત, તેને હું માનું છું. તે પવિત્ર આત્માને યોગે ગર્ભસ્થાનમાં રહી, મરિયમ કુંવારીથી જન્મ્યો; તેણે પોંતિયસ પીલાતને હસ્તક દુઃખ વેઠ્યું, તે વધસ્તંભે જડાયો, તે મરણ પામ્યો, તે દટાયો ને અદૃશ્ય લોકમાં જઇ ઉતર્યો; તે આકાશમાં ચઢી ગયો, ને સર્વસમર્થ ઇશ્વર પિતાને જમણે હાથે બેઠો છે; ત્યાંથી જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાય કરવા સારૂ તે પાછો આવવાનો છે. વળી પવિત્ર આત્માને હું માનું છું. પવિત્ર સાર્વત્રિક મંડળી, પવિત્ર લોકોની સંગત, પાપની ક્ષમા, શરીરનું પુનરૂત્થાન તથા સર્વકાળનું જીવન, એ વાતો હું માનું છું. આમેન.

પ્રભુની પ્રાર્થના.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મના તારૂં રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથ્વી પર ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ આપ, અને જેમ અમે અમારા રૂણીઓને માફ કરીએ છીએ તેમ તું અમારાં રૂણો અમને માફ કર. અને અમને પરીક્ષણમાં ન લાવ; પણ ભુંડાથી અમારો છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.